# પતિના અવસાન બાદ ચણિયા-ચોળી પર ગુંથણ કરી ગુજરાન ચલાવતા સ્વમાની વૃધ્ધા લાડુબેન

ગાંધીનગર, તા. ૩૦

નવરાત્રી એટલે યુવા હૈયાઓ માટે રંગબેરંગી ચણિયા-ચોળી, કેડિયુ-ધોતિયુ અને પાઘડી જેવા પરંપરાગત વસ્ત્રો પરિધાન કરીને ગરબે ઘુમવાનો આનંદ આ વર્ષે જોકે નવરાત્રીમાં મન મુકીને ગરબા રમવાનુ યુવાનોના મનસુબાઓ પર 'વરસાદી' પાણી ફરી વળ્યુ છે પરંતુ હજુ પણ યુવાનો હિંમત હાર્યા નથી. નવરાત્રીની રંગતમાં પરંપરાગત વસ્ત્રો સહિત અનેક ચીજવસ્તુઓનો મહત્વનો ફાળો હોય છે પરંતુ યોગ્ય ટ્રેડિશનલ ડિઝાઈનની ચણિયા-ચોળી કે કેડિયુ ના મળે તો ખેલૈયાઓને ગરબાની મજા ફિક્કી લાગવા લાગે છે. આ વસ્ત્રો તૈયાર કરવામાં અનેક કારીગરોની મહેનત લાગેલી હોય છે. ગાંધીનગરમાં લાડુબેન નામના ૮૨ વર્ષીય શ્રમજીવી મહિલા ચણિયા-ચોળી પર કરવામાં આવતા ગુંથણ કલામાં માહેર છે.



આમ તો જમાનો 'રેડીમેડ'નો એમાં પણ 'મશીન મેડ'નો છે પરંતુ નવરાત્રીમાં હાથેથી કરવામાં આવેલા ગુંથણનો ક્રેઝ હજુ પણ એવો ને એવો જ રહ્યો છે. ગાંધીનગરમાં સેક્ટર-૨૨માં આનંદવાટિકા સોસાયટી સ્થિત 'વલ્કલ' ખાતે પરંપરાગત ચણિયાચોળીમાં હાથેથી ગુંથણનું કામ કરતા આશરે ૮૨ વર્ષીય લાડુબેન મૂળ રાજસ્થાનના બ્રાહ્મણ પરિવારના સંતાન છે જેઓ તેમના પતિ સોનાજી સાથે પરણીને ગાંધીનગર આવ્યા હતા. આશરે વીસેક વર્ષ પૂર્વે સોનાજીનુ અવસાન થઈ જતા લાડુબેન પાસે ગુજરાત ચલાવવા કામ કર્યા સિવાય બીજો કોઈ આરો નહોતો અને ત્યારથી તેઓ આપબળે સિલાઈકામ, પેચ ટાંકવાનુ કામ, ગુંથણ કામ વગેરે શિખ્યાં અને તેના થકી તેમનુ ગાડુ ગબડાવી રહ્યાં છે. પેથાપુરની જીઈબી કોલોની પાસેની ઝુંપડપટ્ટીમાં રહેતા આશ્રયજીવી વૃદ્ધા સ્વમાનભેર રોટલો રળવાનુ પરંતુ કોઈને પાસે હાથ નહી લંબાવવાની ખુમારીનું જીવતુ જાગતુ ઉદાહરણ છે.

# ઢબુડી માતા ઉર્ફે ધનજી ઓડ સામે પેથાપુર પોલીસમાં વધુ એક ફરિયાદ

ગાંધીનગર જિલ્લાના રૂપાલ ગામના ઢબુડી માતા ઉર્ફે ધનજી ઓડ છેલ્લા કેટલાક સમયથી ચર્ચાસ્પદ બન્યા છે. ગઢડાના એક નાગરીકે પેથાપુર પોલીસ મથકમાં ધનજી ઓડ સામે અરજી કરી છે. ત્યારે હવે ધનજી ઓડ સામે ગુનો દાખલ કરવાની માંગ સાથે ભીખાભાઈ માણીયા પોલીસ ભવન ખાતે આગામી ગાંધી જયંતિના દિવસથી ઉપવાસ આંદોલન કરશે. બોટદા જિલ્લાના ગઢડા (સ્વામી) ના રહેવાસી ભીખાભાઈ નારણભાઈ માણીયાએ પેથાપુર પોલીસ મથકે અરજી કરી છે. ભીખાભાઈના આક્ષેપ મુજબ ધનજી ઓડ અંધશ્રધ્ધા ફેલાવે છે. તેમના પુત્રને કેન્સર હોવાથી ત્રણ વર્ષ પહેલા તેઓ ધનજી ઓડ પાસે ગયા હતા અને તેના કહેવાથી દવા બંધ કરી દેતા ભીખાભાઈના દિકરાનું મૃત્યું નિપજયું હતું. ભીખાભાઈએ પેથાપુર પોલીસ મથકે કરેલી અરજી બાદ ગાંધીનગર સેશન્સ કોર્ટે ધનજી ઓડની આગોતરા જામીન અરજી ફગાવી દીધી હતી. આ કેસની તપાસ શરુ હોવાથી કોર્ટે તેની આગોતરા જામીન અરજી ફગાવી દીધી હતી. જે બાદ અરજી અંગે પેથાપુર પોલીસ મથકે હાજર થયેલા ધનજી ઓડની પેથાપુર પોલીસે ત્રણ કલાક પુછપરછ કરી હતી. ત્યારે હવે આ અંગે ધનજી ઓડ સામે ગુનો નોંધવાની માંગ સાથે ભીખાભાઈ વાણીયા પોલીસ ભવન ખાતે ગાંધી જયંતિના દિવસથી ઉપવાસ આંદોલન ઉપર ઉતરવાના છે.



કોણ કહે છે કે નવરાત્રી એટલે માત્ર યુવા હૈયાઓનો જ થનગનાટ ? નવરાત્રી તો એવુ પર્વ છે જે અબાલવૃદ્ધ સૌ કોઈના મનમાં ઉમંગના એટલા રંગ ભરી દે છે કે હૈયુ આપોઆપ ગરબે ઘુમવા થનગની ઉઠે છે, પછી ભલે તે કોઈ વડિલનું હૈયુ હોય કે કોઈ નિર્દોષ ભૂલકાનું. રંગબેરંગી ચણિયાચોળી પહેરીને સેક્ટર-૩માં ગરબે ઘુમતી આ નાનકડી 'રાધા'ને જોઈ સૌ કોઈ દંગ રહી જવા પામ્યાં હતા અને બોલી ઉઠ્યાં હતા કે 'રંગીલી રાધા ને કાળો કાન, ગરબે ઘુમે છે ભુલી ભાન..!!''

# કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજનો કાર્યક્રમ મોકુફ

ગાંધીનગર, તા. ૩૦

શ્રી કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ ગાંધીનગર દ્વારા તા. ૨-૧૦-૨૦૧૯ બુધવારના રોજ શ્રી કચ્છ કાઠિયાવાડ રાજપૂત સમાજ સેક્ટર-૧૭ ખાતે રાખવામાં આવેલ વાર્ષિક સામાન્ય સભા અને નવરાયત્રી રાસ ગરબા કાર્યક્રમ તાજેતરના વરસાદી માહોલને ધ્યાને લઈ હાલ પૂરતો મોકુફ રાખવામાં આવેલ છે. જે અંગેની નોંધ લેવા શ્રી કચ્છ કાઠિયાવાડ ગાંધીનગરના સર્વે સભાસદો અને પરિવારજનોએ લેવા વિનંતી કરી છે.

# આ નવરાત્રીમાં તો ખબર જ નથી પડતી કે 'નાચવુ કે ન્હાવું..!!'

નવલી નવરાત્રી તો આવી છે પરંતુ સાથે નવરાત્રીમાં 'નવલો' વરસાદ લઈને આવી છે જે અટકવાનું નામ જ લેતો નથી. કોઈ કહે છે કે પ્રથમ ત્રણ નોંરતા ધોવાઈ જશે તો કોઈ કહે છે કે દિવાળી સુધી આવુ જ રહેવાનું છે. જો કે કોઈ પણ સ્થિતિ હોય શોશ્યલ મિડીયા પણ તે સ્થિતિ આધારિત રમૂજભર્યા ચબરાકિયા વાઈરલ કરવાની જાણે એક ફેશન બની ગઈ છે. વરસાદી માહોલમાં નવરાત્રીને 'પાણી'માં જતી જોઈને નેટીઝન્સ આવા જ અઢળક રમૂજી 'ગરબા'નો આનંદ ઉઠાવી રહ્યાં છે, તો ચાલો માણીએ તેમાંથી કેટલાંક મજાના સેમ્પલ્સ..!!

- જો આમ જ વરસાદ રહેશે તો... સાહિત્ય રસિકો માટે નવા નવા ગરબા લખાશે...
- ગારો ખૂંદવા ગઈ'તી મોરી સૈયર...
- એકે લાલ દરવાજે ભુવા પડ્યાં રે લોલ, એમાં અમારા એક્ટિવા ફસાણા રે લોલ
- પાવલી લઈને હું તો પલળવા ગઈ'તી... અરે, વરસાદ મને પલાળી દે, નહીતર મારી પાવલી પાછી દે...
- સોનલ ગરબો શીરે, કાદવમાં ચાલો ધીરે ધીરે...
- આ રગડો ગારો, મેલી દીયોને સ્કૂટર કાનજી
- નહી મેલુ રે... આ ગારા કાદવમાં પગ નહી મેલુ...
- ઘોર અંધારી રે રાતલડીમાં, લપસ્યાં બૈરાં ચાર...
- તારા વિના શ્યામ મને એકલડું લાગે, ગારો ખૂંદવાને વ્હેલો આવજે...
- એ હું ગઈ'તી મેળે... પડ્યું સ્કૂટર ગારામાં... પૈડું ઠહડાઈને ગયું મરડાઈ.... હું જૈ પડી ખાડામાં...ખાડામાં...
- એ માં પાછા વરસી ફર્યા રે, મજા બગાડી બધી આજે
- વાદલડી વરસી રે... ગરબા ગ્રાઉન્ડમાં પાણી ફરી વળ્યાં
- આજનું રાશિફળ :
- આજે ચાલુ ગરબામાં વરસાદ આવશે અને ગ્રાઉન્ડમાં મેકઅપની નદીઓ વહેશે..!! ખરૂ સ્વરૂપ બહાર આવશે અને છોકરાઓમાં ભયનો માહોલ સર્જાશે...!!
- સમય સમયની વાત છે,

પહેલા ધૂળ ના ઉડે એટલે પાણી છાંટતા હતા, આજે પાણી ના ઉડે એટલે ધૂળ છાંટવી પડે છે

- ગરબા આયોજકો

- આ વર્ષે લાગે છે કે ટીંટોડીએ ઈંડા સ્ટેચ્યુ ઓફ યુનિટી પર મુક્યાં છે, આ વરસાદ એટલે તો બંધ થવાનું નામ જ નથી લેતો..!!
- આ વખતે નવરાત્રીમાં જે રીતે વરસાદ વરસી રહ્યો છે તે જોતા સાલું ખબર જ નથી પડતી કે ન્હાવુ કે નાચવું..!!!
- સુરજ સર રજા પર ગયા હોવાથી એમની જગ્યાએ વર્ષા મેડમ એક્સ્ટ્રા ક્લાસ લઈ રહ્યાં છે..!! હવે તો વર્ષા મેડમનો કોર્ષ પુરો થઈ ગયો છે, પણ મેડમ તો રિવીઝન પર રિવીઝન કરાવે જ જાય છે..!!

# ચિલોડા પાસે કાર ખાડામાં ખાબકી : ચારને ઈજા

## માર્ગનું કામકાજ ચાલી રહ્યું છે, ખાડા પાસે કોઈ આડશ ન હતી : ડોકટર

ગાંધીનગર, તા.૩૦

ચિલોડા સર્કલ નજીક માર્ગના કામ અંગે ખોદાયેલા ખાડામાં કાર પલટી જતા ત્રણ નાગરીકોને ઈજા થઈ છે.હિંમતનગરના ડોકટર રવિવારના રોજ સાંજે ઘરે પરત ફરી રહ્યા હતા તે સમયે તેમની કાર સીધી ખાડામાં પડી જતા પલ્ટી ખાઈ ગઈ હતી. જો કે તંત્ર દ્વારા ખાડા પાસે કોઈ રીફલેકટર કે સાઈન બોર્ડ લગાવેલ નથી. સદનસીબે આ કારમાં સવાર ડોકટર પરિવારના સભ્યોનો આબાદ બચાવ થયો હતો. ત્યારે તંત્ર દ્વારા ખાડા પાસે કોઈ આડશ ઉભી ન કરવામાં આવતા આ ઝોખમીરુપ ખાડો કોઈ મોટી દુર્ઘટના સર્જે તો નવાઈ નહી.



પ્રાપ્ત માહીતી મુજબ હિંમતનગરના છાપરીયા કેનાલ વિસ્તારમાં આર્યુવેદ હોસ્પિટલ ધરાવતા ડો.રાજેશ્વર અમીચંદ પટેલ (ઉં.વ.૩૫) રવિવારના રોજ અમદાવાદ પોતાના સંબંધીને ઘરે ગયા હતા. મોડી સાંજે તેઓ પોતાની હોન્ડા સીટી કાર નં.જી.જે.૧૮.એ.જી.-૧૮૭૩ લઈને હિંમતનગર પરત ફરી રહ્યા હતા. ડોકટર સાથે કારમાં તેમની પત્ની, પુત્રી અને સાસુ સાથે હતા. મોટા ચિલોડા સર્કલ પસાર કરી તેઓ ગણતરીના અંતરે પહોંચ્યા હતા. ત્યારે અહીં માર્ગનું કામ ચાલતુ હોવાથી સર્વિસ માર્ગ પર ડાયવર્ઝન આપવામાં આવ્યું છે. જે અંગે નીચે કોઈ સુચના કે સાઈનબોર્ડ તેમને ક્યાંય દેખાયુ ન હતું. જયારે માર્ગની બાજુમાં કરાયેલા ખોદકામમાં કોઈ આડશ મુકવામાં આવી ન હતી. જેને પગલે તેમની કાર સીધી ખાડામાં ઉતરી ગઈ હતી અને પલ્ટી મારી ગઈ હતી. જો કે સદનસીબે કોઈ જાનહાની થઈ ન હતી. પરંતુ ડો.રાજેશ્વરને પગમાં કાચ વાગ્યા હતા અને તેમજ તેમના સાસુને હાથમાં અને પત્નીને શરીરે ઓછા વત્તા પ્રમાણમાં ઈજા પહોંચી હતી. બનાવ અંગે ચિલોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

# શિહોલી મોટી દ્વારા શહીદવીર જવાનોના પરિવારોને સહાય ચેક અર્પણ

ચિલોડા, તા. ૩૦

ગાંધીનગર તાલુકાના શિહોલી મોટી સ્થિત અભિલાષા ફાઉન્ડેશ એ ડીવાઈન ગોલ રજીસ્ટર્ડ એન.જી.ઓ. સંસ્થા મુખ્યત્વે શહીદવીર જવાનોના પરિવારજનોને હરહંમેશ મદદરૂપ થવા માટે કાર્યરત સાથે અનેક સેવાકીય પ્રવૃતિઓ કરી રહી છે.



તાજેતરમાં મહેસાણા ખેરાલુ તાલુકાના કુડા ગામના શહીદવીર ઠાકોર પ્રવિણજી પ્રધાનજી તા. ૧૬-૭-૧૯ના રોજ શહીદ થયા હતા. જેઓનું પોસ્ટીંગ કારગીલ ખાતે ફરજ બજાવતા હતા. સતલાસણા તાલુકાના જસપુર ગામના શહીદ વીર જવાન રતનસિંહ વરવાજી ઠાકોર તા. ૧૯-૯-૨૦૧૮ના સુબેદાર મેજર આર્મી તરીકે શહીદ થયા હતા.

આ બંને શહીદવીર જવાનોના કુટુંબીજનોને અભિલાષા ફાઉન્ડેશન સંસ્થાના પ્રમુખ રઘુવીર એચ. આચાર્ય (ધણપ) તથા જાનકી વૈષ્ણવ (નેત્રામલી) રાજુભાઈ એમ. પટેલ (કાનપુર), પંકજ પટેલ (ધણપ) સહકાર્યકરો મળીને ૩૫૦૦૦ રકમના ચેક અર્પણ કરી માનવતાની મહેક પ્રસરાવી અભિનંદનને પાત્ર બન્યા છે.



ગાંધીનગર નજીકના ચાંદખેડા ખાતેની વિશ્વકર્મા સરકારી ઈજનેરી કોલેજના એનસીસી યુનિટ દ્વારા સ્વચ્છતા પખવાડિયું ઉજવવામાં આવી રહ્યું છે જે અંતર્ગત સ્વયંસેવકોએ સાબરમતી આશ્રમ ખાતે પૂ. બાપુની પ્રતિમાની સાફ સફાઈ કરી હતી અને મોટેરા ખાતે પ્રાથમિક શાળામાં નુકકડ નાટક રજૂ કરીને ગ્રામજનોને સ્વચ્છતાનો સંદેશ પાઠવ્યો હતો.

# માહિતી ખાતાના શ્રેયાન સહાયક ઈજનેર આર.એમ. કુડારિયા વય નિવૃત

માહિતી ખાતામાં ૩૨ વર્ષથી સેવારત શ્રેયાન સહાયક ઈજનેર આર.એમ. કુડારિયા તેમની સરકારી સેવામાંથી આજે વય નિવૃત થતા તેમને માહિતી પરિવારવતી ભાવભરી વિદાય અપાઈ હતી.



માહિતી નિયામક અશોક કાલરિયાએ વય નિવૃત થતા કુડારિયાને શુભેચ્છા પાઠવતા કહ્યુ કે કુડારિયાનો ટેકનીકલ અનુભવ જે ખાતાને મળ્યો છે તેના પરિણામે માહિતી ખાતુ આજે સુસજ્જ થયુ છે. તેમની સેવાઓની ચોક્કસ ખોટ પડશે. તેમણે કુડારિયાનુ વય નિવૃત જીવન આરોગ્યપ્રદ અને નિરોગીમય રહે એવી શુભેચ્છા પાઠવી હતી. અધિક માહિતી નિયામક અરવિંદભાઈ પટેલ તથા સંયુક્ત માહિતી નિયામક પુલકભાઈ ત્રિવેદીએ કુડારિયા સાથેના સંસ્મરણો તાજા કરીને તેમની કાર્યશૈલીને બિરદાવી હતી અને નિવૃતીમય જીવન નિરોગી રહે એવી શુભેચ્છાઓ આપી હતી.

## ફિટ ઈન્ડિયા ઝુંબેશ : આજે ૨૬ કિમીની સાયકલ યાત્રા

આજરોજ ભાજપા પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ કોબા, ગાંધીનગર ખાતે પ્રદેશમંત્રી પ્રદિપસિંહ વાઘેલા, ભાજપા કિસાન મોરચાના પ્રદેશ અધ્યક્ષ બાબુભાઈ જેબલીયા તથા ભાજપા યુવા મોરચાના પ્રદેશ અધ્યક્ષ ડૉ. ઋત્વિજભાઈ પટેલે આવતીકાલે તારીખ ૧ ઓગષ્ટ, ૨૦૧૯ના રોજ યોજાનાર વિશિષ્ટ કાર્યક્રમ અંગે ઈલેકટ્રોનિક મીડિયાના મિત્રો સાથે વાતચીત કરી હતી. ભાજપા યુવા મોરચાના પ્રદેશ અધ્યક્ષ ડૉ. ઋત્વિજભાઈ પટેલે જણાવ્યુ હતુ કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરવામાં આવેલ ''ફિટ ઈન્ડિયા'' કેમ્પેઈન, ''સ્વચ્છ ભારત અભિયાન'' તેમજ મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે આવતીકાલે તારીખ ૧ ઓકટોબર, ૨૦૧૯ના રોજ સાઈકલ યાત્રા યોજાશે.

# રેપીડ એક્શન ફોર્સનો ૨૭મો વાર્ષિક પરેડ મહોત્સવ

ગાંધીનગર, તા. ૩૦

ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું કે, રેપીડ એક્શન ફોર્સની સ્થાપના જે ઉમદા હેતુથી કરવામાં આવી હતી એ તમામ અપેક્ષાઓને રેપીડ એક્શન ફોર્સે પૂરી કરીને પ્રજાજનો અને સરકાર સમક્ષ એક વિશ્વાસનો પરિચય કરાવ્યો છે.

વસ્ત્રાલના રેપીડ એક્શન ફોર્સ ગ્રાઉન્ડમાં આરએએફનો ૨૭મો વાર્ષિક પરેડ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગૃહમંત્રી અમિત શાહે પરેડની સલામી ઝીલી હતી. રેપીડ એક્શન ફોર્સના આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી વિજય રૂપાણી, ગૃહરાજયમંત્રી પ્રદિપસિંહ જાડેજા, સાંસદો, મેયર સહિતના મહાનુભાવાઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે ગૃહમંત્રીએ જણાવ્યું કે, રેપીડ એક્શન ફોર્સે પોતાની એક શિસ્તને કારણે પ્રજાજનો સમક્ષ વિશ્વાસ કેળવવાનું કામ કર્યું છે. દેશમાં શાંતિ અને સુરક્ષા જળવાઈ રહે તે માટે રેપિડ એક્શન ફોર્સ હંમેશા ખડે પગે ઊભી રહે છે.

જયારે સીઆરપીએફના જવાનોની વાત કરતા ગૃહમંત્રીએ જણાવ્યું કે, જયારે સંસદ પર આંતકવાદી હુમલો થયો હતો, ત્યારે આંતકવાદીઓની આ પ્રવૃત્તિને આપણી સીઆરપીએફએ મુહતોડ જવાબ આપ્યો હતો. આજ દિન સુધી કાશ્મીર, લદ્દાખ જેવી અનેક જગ્યાઓ પર સીઆરપીએફના જવાનો ખડે પગે દેશની સુરક્ષા કરી રહ્યા છે.


# જાહેર સુચના

## ધાનેરા નગરપાલીકા

ધાનેરા શહેરના નાગરિકો તથા વેપારીઓને જણાવવાનું કે સ્વચ્છ ભારત મીશન કાર્યક્રમ-૨૦૧૪ થી ૨૦૧૯ અમલમાં છે. જે અંતર્ગત પર્યાવરણ વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલય દ્વારા અગાઉના નિયમોને સ્થાને નવેસરથી પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૧૬ના તા. ૧૮/૩/૨૦૧૬થી કાયદારૂપે અમલમાં છે. જે દરમિયાન તાજેતરમાં આ નિયમોમાં સદર મંત્રાલય દ્વારા તા. ૨૮/૩/૨૦૧૮ના જાહેરનામા મારફતે પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (એમેન્ડમેન્ટ) રૂલ્સ ૨૦૧૮માં કેટલાક સુધારા પ્રસિદ્ધ કર્યા છે. જે અંતર્ગત ભારત સરકારશ્રી દ્વારા વર્ષ-૨૦૨૨ સુધીમાં સીંગલ યુઝ પ્લાસ્ટિક (એક વખત વપરાશ થતાં પ્લાસ્ટિક)થી મુક્ત કરવાની જાહેરાત કરેલ હોઈ ધાનેરા નગરપાલિકા વિસ્તારમાં નીચે જણાવેલ સીંગલ પ્લાસ્ટિક યુઝ પર પ્રતિબંધ કરવા સા.સ.ઠ.નં. ૨૩/૨ તા. ૬/૯/૨૦૧૯થી ઠરાવેલ હોઈ કોઈ વ્યક્તિઓ કે વેપારીઓને વાંધો હોય તો આ જાહેરાત પ્રસિદ્ધ થયેથી દિન-૩૦માં ધાનેરા નગરપાલિકામાં લેખિતમાં મોકલી આપવાના રહેશે. સમયમર્યાદા બાદ આવેલ સુચનો ધ્યાને લેવામાં આવશે નહી.

### પ્રતિબંધિત સીંગલ યુઝ પ્લાસ્ટિક

(૧) સર્વે પ્રકારની પ્લાસ્ટિક કેરીબેગ્સ (Carry Bags)
(૨) ખાણીપીણીમાં વપરાતા પ્લાસ્ટિકના થાળી, વાટકા, ગ્લાસ, થર્મોકોલના કપ વિગેરે.
(૩) પ્લાસ્ટિકના ફુલો અને ફુલદાની
(૪) પ્લાસ્ટિકની પાણીની બોટલો (Mineral Water Battel)
(૫) પ્લાસ્ટિકના ઝંડા (Flage)
(૬) પ્લાસ્ટિકના બેનર્સ (Banners)
(૭) પ્લાસ્ટિકના ફોલ્ડર્સ વગેરે (Folders)
(૮) તેમજ અન્ય પ્લાસ્ટિકની એક વખત વપરાશની વસ્તુઓ

| | | | |
|---|---|---|---|
| એસ. એમ. અન્સારી | પ્રકાશભાઈ એસ. સુથાર | વસંતીબેન વી. ગલચર | યુસુફખાન એમ. બેલીમ |
| મુખ્ય અધિકારી | ચેરમેન, સેનીટેશન શાખા | ઉપપ્રમુખ | પ્રમુખ |

નગરપાલિકા ધાનેરા




## અખિલ ભારતીય સામાજીક સ્વા. સંઘ દ્વારા ફરતા ગરબા યોજાયા

અખિલ ભારતીય સામાજીક સ્વા. સંઘ ગાંધીનગર શાખા દ્વારા બલરામ હોલ ખાતે બહેનોના ફરતા ગરબાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શહેરની મહિલાઓ સાથે વિવિધ મહિલા સંસ્થાના પ્રમુખ ઉપસ્થિત રહ્યા હતા. ગરબા બાદ ટોકનના આધારે મેમ્બર બહેનો માટે ડ્રો કરવામાં આવ્યો હતો. જેમા મીરાબેન ગોયેલ શિલ્પાબેન ત્રિવેદી, અંજનાબેન ગોર, પ્રજ્ઞાબેન જોશી, કંચનબેન પ્રજાપતિ, ગીતાબેન સાપરીયા, પુષ્પાબેન ગોર, દામિનીબેન લાખિયા, દિવ્યાબેન પંડયા, ચંદ્રિકાબેન પંડયા, જ્ઞાનદેવીબેન ઉપાધ્યાય, લીલાબેન દેસાઈ, ગીતાબેન ઠાકર, પ્રતિમાબેન ત્રિવેદી, વિમળાબેન અપાચી, ભારતીબેન પોપટને ડ્રોના અંતે વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા તથા વિજેતા બહેનોને સંસ્થા તરફતી ઈનામ આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ શર્મિષ્ઠાબેન દવે સાથે કમિટીના સભ્યો મંદાબેન ધોળકીયા, સરોજબેન દેસાઈ, પ્રતિમાબેન શાહ, દક્ષા સોલંકી, વૈશાલીબેન જોષી તથા નારી ગૃહના સ્ટાફ બહેનો હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સ્ટેજ સંચાલન મંજુલાબેન ભલગામી દ્વારા કરવામાં આવ્યું હતું.